| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૯/૧૨/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૩૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૨૫૯ લીટર દેશી દારૂ, ૨૭૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૩૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત છેતરપિંડી :- સમાચાર યાદી નં.૨૦૩૩/૨૦૨૩

**ખોખરાઃ** જયકિશન રામચંન્દ્રભાઇ મોરે (રહે. ડુંગરની ચાલી બાલભવન પાસે ખોખરા) એ તા.૧૮/૧૨/૨૦૨૩ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૫/૨૦૨૩ કલાક ૧૦/૪૫ થી ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અશરફ યાકુબભાઇ સબુરીયા (રહે.પઠાણની ચાલી મદ્રેસાની બાજુમાં ઇદગાહ પુલ નીચે અસારવા) ઝુમ એપ્લીકેશનથી કાર નંબર જીજે ૨૭ સીએમ ૬૩૫૧ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- ખોખરા સર્કલ રાયપુર ભજીયા હાઉસ નામની દુકાન સામેથી ભાડે લઇ જઇ કાર પરત નહી આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૦૩૪/૨૦૨૩

**ઓઢવઃ** કમલેશકુમાર બાબુલાલ મારવાડી (રહે. શિવાલય ડુપ્લેક્ષ સિંગરવા ઓઢવ) એ તા.૧૮/૧૨/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૧૭/૧૨/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીના સળીયા તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, લેપટોપ તથા કોમ્યુટર અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**નવરંગપુરાઃ** (૧) બિંદીબહેન વા/ઓ આશીષભાઇ ઠક્કર (ઉ.વ.૪૫) (રહે. નુતન શકિતનગર સોસાયટી પાર્ટ-૨ દક્ષિણી રોડ મણીનગર) એ તા.૧૮/૧૨/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૨૩ સાંજના ૬/30 થી ૭/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા લો-ગાર્ડન જી.એલ.એસ.કોલેજ મેઇન ગેટ સામે સીટી સીવીક સેન્ટરની બહાર પાથરણા બજારમા બિંદીબહેનની નજર ચુકવી અજાણી વ્યક્તિએ બિંદીબહેન ઠક્કરના હાથમાંથી સોનાની બેંગલ કિમત રૂપિયા ૧,૪૭,૯૨૭ /- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**નવરંગપુરાઃ** (૨) રચનાબહેન વા/ઓ રૂતુરાજભાઇ દેસાઇ (ઉ.વ.૪૨) (રહે.શામ્બરી બંગ્લોઝ વિઠ્ઠલવાડી સોસાયટી પાસે સત્યપર્સ બોયઝ હોસ્ટેલ સામે નવરંગપુરા) એ તા.૧૮/૧૨/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રચનાબહેન દેસાઇના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા અને વસ્ત્રાપુર ગામ રબારીવાસ વાસુકાકાની ચાલી ખાતે રહેતા દિનેશ સ/ઓ અમરાજી મીણા (મુળ વતન. ગામ-દેવદ (ભાવરાણા) તા-જલ્લારા જી-ઉદયપુર રાજસ્થાન) તા.૧૬/૧૨/૨૦૨૩ સવારનાં ૯/30 થી તા.૧૭/૧૨/૨૦૨૩ બપોરના ૧/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રચનાબહેન દેસાઇના મકાનનાં બાથરૂમનો પંખો તોડી મકાનમાં પ્રવેશ કરી દાગીના અને રોકડ રૂપિયા ૩,૫૦,000/- મળી કુલ રૂપિયા ૧૦,૫૦,000/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.ચમ્પાવત ચલાવે છે.

**ઇસનપુરઃ** મોહમદહનીફ જાનમોહમદ મેમણ (રહે. મેમણ કોલોની પોલો ગ્રાઉન્ડ હિમતનગર સાબરકાંઠા) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૨૦૨૩ રાતના ૩/00 થી કલાક ૭/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઇસનપુર સોનીના ખેતર સામે પેટ્રોલ પંપની બાજુમા પતરાવાળી રૂમની આગળ ખુલ્લી જગ્યામાંથી લોખંડની ગડર, લોખંડના ગોળ રોડ, લોખંડના એગલના ટુકડા, લોખંડના સેંટીગના સળિયા, ફેવર મશીનનુ હેન્ડલ, ફેવર ધોવા માટેનુ મશીન મળી કિમત રૂપિયા ૪૧,૧૫૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.તેલે ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૩૫/૨૦૨૩</u>**

**સરખેજઃ** ફતેવાડી લકઝુરીયા ફ્લેટ સામે પ્રધાનમંત્રી આવાસ યોજનાની સાઇટ ખાતે કામ કરતા અને ત્યા જ રહેતા વિનોદભાઇ મણીયાભાઇ બારીયા (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ-ચાંઠી તા-ઘોઘંબા જી-પંચમહાલ) તા.૧૮/૧૨/૨૦૨૩ કલાક ૬/00 વાગ્યાના સુમારે સાઈટ ખાતે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ધાધરેટીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૩૬/૨૦૨૩</u>**

**સોલા હાઈકોર્ટઃ** નેમીચંદ ક્રીષ્નાજી રીઠાડીયા (ઉ.વ.૫૦) (રહે. ચાણક્યપુરી સેક્ટર-૩ સુમતી સ્કુલની બાજુમાં ચાણક્યપુરી ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ઝેરી પ્રવાહી પી લીધુ હતું. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૨/૨૦૨૩ કલાક ૬/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** મેઘાણીનગર બોઈઝ હોસ્ટેલ વીંગ સોપાનમ-૮ રૂમ નંબર-૫૨૩/સી ખાતે રહેતા ધૃવ મનસુખભાઈ ઘાડિયા (ઉ.વ.૨૧) (મુળ વતન. નારાયણનગર શેરી નંબર-૩ રડાર રોડ ખોડીયાર મંદીર પાછળ જામનગર) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૨/૨૦૨૩ કલાક ૧૨/૩૦ વાગ્યા પહેલા મેઘાણીનગર સોપાનમ-૮ પાચમા માળે સી-બ્લોકની પેન્ટ્રી રૂમમા પંખા સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પંકજકુમાર દશરથભાઇ ચલાવે છે.

**રામોલઃ** મનિષા વા/ઓ પ્રણવ પ્રજાપતિ (ઉ.વ.૨૫) (રહે. ઓમ ઓફર્ડ ઓમ સર્કલ પાસે રીલાયન્સ પેટ્રોલ પંપ પાછળ રીંગરોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૨/૨૦૨૩ સવારના ૧૦/૩૦ થી બપોરના ૧૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમયાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “આઇ” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી